# અમદાવાદના મહે. દ્દઠા એડી.સિવિલ જજ સાહેબની કોર્ટમાં , મુ.અમદાવાદ(ગ્રામ્ય) મીરઝાપુર

**ફોજદારી કેસ નં. 25313/2021**
**આંક :–**

**ફરિયાદી : શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી : PAVAN SHAILESHBHAI GAJJAR**

**ગુનો** **<u>એમ.વી.એકટની કલમ–૧૮૫</u> મુજબ.**

**<u>:: ચુકાદો ::</u>**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પોતાના કબજાની કારમાં જાહેર રોડ પર વગર પાસ પરમીટે દારૂ પીધેલી હાલતમાં ચલાવી લાવી પકડાઈ જઈ , **એમ.વી.એકટની કલમ–૧૮૫** મુજબનો ગુનો કરેલ હોય,આરોપી વિરૂધ્ધ ગુન્હાની ફરિયાદ નોંધી,તપાસ પૂર્ણ કરી આ અદાલતમાં ભારતીય દંડ સંહિતાની **કલમ–૧૮૫ મુજબના** ગુના અંગેનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ (સંહિતા) ની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવી.ત્યાર બાદ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાંવી અલગથી ગુના કબુલાત **પુરસીસ આંક– થી** આપેલ છે. ત્યાર બાદ સદર ગુના સબંધેની આરોપીની પ્લી **આંક– થી** નોંધવામાં

આવેલ છે. જેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાંવેલ છે. આરોપીએ ગુન્હાની કબુલાત કોઈ પણ જાતના દબાણ વગર સ્વેચ્છાએ કરેલ છે. તેની ખાતરી કરવામાં આવ્યા બાદ આરોપીની ગુન્હાની કબુલાત નોંધી આ કામ રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે અને આરોપીને ભારતીય દંડ સંહિતા,**૧૮૬૦ ની કલમ–એમ.વી.એકટની કલમ–૧૮૫** મુજબના શિક્ષાપાત્ર ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે.આરોપીએ ગુન્હાનો એકરાર સ્વૈચ્છિક રીતે કરેલ છે અને લેખિત તેમજ મૌખિક રજુઆત કરેલ છે કે, તેઓ ગરીબ માણસ છે.પ્રથમ વખત ભૂલ થયેલ છે.કુટુંબ કબીલાવાળા માણસ છે.કુટુંબના ભરણ–પોષણની જવાબદારી તેમના ઉપર છે.ગુન્હો કરવા બદલ પસ્તાવો વ્યકત કરેલ છે તેમજ ફરી વખત આવો ગુન્હો નહીં કરવાની ખાતરી આપેલ છે આથી દયા કરવા અરજ ગુજારેલ છે.

(૩) ફરિયાદ પક્ષ તરફથી એવું કોઈ રેકર્ડ રજુ થયેલ નથી કે આરોપીએ અગાઉ ગુન્હો કરેલ હોય,જેથી આરોપીનો પ્રથમ ગુનો હોવાનું જણાંય છે. તેમજ કુટુંબની જવાબદારી તથા આરોપીએ કરેલ પશ્ચાતાપને ઘ્યાને લેતા તેમજ આરોપીએ આવા પ્રકારનો ગુનો નહિ કરવાની ખાતરી આપતા હોવાથી આરોપીને સુધરવાની તક આપવી જોઈએ.આવા સંજોગોમાં આરોપીની સામેનું તહોમત તેમજ ગુન્હાની ગંભીરતા અને સજાની જોગવાઈ તેમજ આરોપીની રજુઆતને ઘ્યાને લેતા,આરોપી વિરૂઘ્ધ આ પ્રથમ ગુનો હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: <u>હુકમ</u> ::**

આ કામના આરોપી ને ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ ની કલમ–૨૫૨ અન્વયે એમ.વી.એકટની **કલમ–૧૮૫ મુજબના** ગુનામા તકસીરવાન

ઠરાવી,આરોપીને રૂા. **૧૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા)**નો દંડ કરવામાં આવે છે.

જો આરોપી દંડ ભરવામાં કસૂર કરે તો તેઓએ ત્રણ દિવસની સાદી કેસની સજા ભોગવવાની રહેશે.

આરોપીના જાત–મુચરકા અને જામીનખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૧૧/૧૨ /૨૦૨૧**
અમદાવાદ

(વિનતી હીરાલાલ)
૬–ઠા એડી.ચીફ જ્યુડી.મેજી.
અમદાવાદ (ગ્રામ્ય)
Judge Code.GJ-01550